સ્પોર્ટ્સ ફિવર

લગભગ ૧.૪ અબજની વસ્તી જેમાંથી મોટાભાગની ક્રિકેટ પાછળ પાગલ, વિશ્વની કોઈપણ એક રમત માટેનો સૌથી મોટો ટેલેન્ટ પૂલ, ક્રિકેટ વિશ્વમાં અપ્રતિમ આર્થિક તાકાત અને એક મજબૂત સ્થાનિક (ડોમેસ્ટિક) માળખું હોવા છતાં, ભારતીય ક્રિકેટ એ પ્રકારનું સતત પ્રભુત્વ કેમ નથી મેળવી શક્યું જેવું વેસ્ટ ઈન્ડિઝે અઢી દાયકા (૨૫ વર્ષ) સુધી કે ઓસ્ટ્રેલિયાએ ૩૫ વર્ષથી વધુ સમય સુધી જાળવી રાખ્યું હતું? જ્યારે આપણને એમ લાગ્યું કે, 'અપના ટાઈમ આ ગયા'!!!, ત્યારે જ ભારતનું પ્રભુત્વ જમાવવાનું સ્વપ્ન અચાનક કેમ તૂટી રહ્યું છે?

# ભારતીય ક્રિકેટને સુપરપાવર બનાવવા ફક્ત પાટા-પિંડી નહીં, પણ ઊંડા સુધારાની જરૂર

**ભારતે ક્રિકેટની તમામ ફોર્મેટમાં સાતત્યપૂર્ણ પ્રભુત્વ મેળવવા અને જાળવી રાખવા BCCIએ કેટલાંક systemic (પ્રણાલિગત) પગલાં લેવા પડે તેવું છે. માત્ર ટૂંકાગાળાના કે અધકચરા પગલાંઓથી સુધારો શક્ય નથી. કેટલાંક મહત્વનાં લેવા યોગ્ય પગલાં અહીં સૂચવાયા છે....**

## ગંભીરના 'રાજ'માં ભારતે મેળવેલી અવળી 'ઉપલબ્ધીઓ'



### 36 વર્ષે ન્યૂઝીલેન્ડે ઘરમાં હરાવ્યું

ભારત ન્યૂઝીલેન્ડ સામે 36 વર્ષે ઘર આંગણે ટેસ્ટ હારી.



### ઘરઆંગણે પહેલો વ્હાઈટવોશ

ન્યુઝીલેન્ડ સામે 3-0થી ટેસ્ટ સિરિઝ હારી પહેલીવાર ઘરઆંગણે વ્હાઈટવોશ.



### દાયકા બાદ બોર્ડર ગવાસ્કર ટ્રોફી ગુમાવી

ઓસ્ટ્રેલિયામાં 3-1થી ટેસ્ટ શ્રેણી હારી ભારતે 10 વર્ષ બાદ બોર્ડર-ગવસાસ્કર ટ્રોફી ગુમાવી.



### ભારત વિના પહેલીવાર WTC ફાઈનલ

2021, 2023માં ફાઈનલ રમ્યા બાદ ભારત 2025માં પહેલીવાર WTC ફાઈનલ સુધી પહોંચી ન શક્યું.




### 25 વર્ષ બાદ દ.આફ્રિકા ભારતમાં શ્રેણી જીતી

દ.આફ્રિકાએ અઢી દાયકા બાદ ભારતને તેના ઘરમાં 2-0થી હરાવી શ્રેણી જીતી



### શ્રીલંકા સામે 27 વર્ષ બાદ ODI શ્રેણી હાર

શ્રીલંકામાં 2-0થી હારી ભારતે 27 વર્ષ બાદ અસલંકાની ટીમ સામે શ્રેણી ગુમાવી.





### ભારતમાં પહેલીવાર 50ની અંદર ઓલઆઉટ

ન્યૂઝીલેન્ડ સામે 46 રને ઓલઆઉટ થઈ ભારત ઘર આંગણે ટેસ્ટ દાવમાં પહેલીવાર 50ની અંદર સમેટાયું.



### 12 વર્ષે ભારતમાં ટેસ્ટ શ્રેણી પરાજય

ન્યૂઝીલેન્ડ સામે ઘર આંગણે શ્રેણી હારતાં ભારતે ભારતમાં 12 વર્ષે ટેસ્ટ સિરીઝ ગુમાવી.



### ટેસ્ટમાં સૌથી મોટી હાર

દ.આફ્રિકા સામે 408 રને હારી ભારતે ટેસ્ટનો સૌથી મોટો પરાજય વહોર્યો.



### સતત 2 વર્ષમાં 2 વ્હાઈટવોશ

ન્યુઝિલેન્ડ સામે 3-0 અને દ.આફ્રિકા સામે 2-0થી ટેસ્ટ શ્રેણીઓ હારી ભારત પહેલીવાર બે વર્ષમાં બે વાર વ્હાઈટવોશ થયું.



### ન્યુઝિ. સામે ભારતમાં પહેલી ODI શ્રેણી હાર

ભારત ન્યુઝિલેન્ડ સામે 2-1થી હારી પ્રથમવાર ઘરઆંગણે ODI શ્રેણી હાર્યુ.



### આયરલેન્ડ સામે પહેલી હાર

ભારત T20માં આયરલેન્ડ સામે 2-0 હારતાં તેની સામે પ્રથમ આં.રા. મેચ જ નહીં પ્રથમ શ્રેણી પણ હાર્યુ.



### T20માં પહેલીવાર ભારત ક્લીનસ્વીપ

ઈંગ્લેન્ડ સામે 4-0થી હારી ભારતે ટી-20માં પહેલા ક્લીન સ્વીપનો સામનો કર્યો. અગાઉ આયર્લેન્ડ સામે પણ 2-0થી હારતા ભારતે ટી20માં નંબર 1નો તાજ ગુમાવ્યો.



### 1 નિર્ણયાત્મક મેનેજમેન્ટ

BCCIના પ્રમુખ તરીકે સૌરવ ગાંગુલીની વિદાય બાદ પહેલા રોજર બિન્ની અને હવે મિથુન મીનહાસ જેવા બાવલાને બેસાડવામાં આવ્યા છે. ભારતીય ક્રિકેટના ભલામાં વિઝનથી અઘરા નિર્ણય લઈ શકે તેવા લીડરની જરૂર.

### 2 દમદાર ક્રિકેટ એડવાઇસરી કમિટી (CAC)

સિલેક્ટરો, કોચ, સુકાની વિ.ની નિયુક્તિ માટે સચિન, દ્રવિડ, કુંબલે કે ગાંગુલી જેવા પ્રામાણિક અને પરિપક્વ પૂર્વ ખેલાડીઓની કમિટી દ્વારા જ થવી જોઈએ.



### 3 ધી દ્રવિડ મોડલ

મુખ્ય ટીમનો કોચિંગ સ્ટાફ પહેલા NCAના નેજા હેઠળ U19 અને A ટીમની સાથે કામ કરીનેજ ગ્રેજ્યુએટ થવો જોઈએ.



### 4 સિલેક્ટરો, કોચ ઉપર બાજ નજર

ખેલાડીઓની માફક સિલેક્ટરોનું અને સમગ્ર કોચિંગ સ્ટાફનું દરેક સીઝનના અંતે પરફોર્મન્સ ઈવેલ્યુએશન થવું જોઈએ.



### 5 ટેસ્ટ સિલેક્શન પ્રોટોકોલ



રેડ બોલ ક્રિકેટમાં રણજીને બદલે માત્ર પાંચજ ટીમ વળી દુલીપ ટ્રોફી અને બે ટીમ વળી ઈરાની ટ્રોફીને મહત્વ આપવું જોઈએ. ટોપ ખેલાડીઓને રણજીને બદલે આ બે ટુર્નામેન્ટ રમવાનું ફરજિયાત હોવું જોઈએ અને રેડ બોલ માટે ભારત Aની ટીમ આ બે સ્પર્ધાને આધારેજ પસંદ થવી જોઈએ. A ટીમ વતી સાતત્ય પૂર્ણ પ્રદર્શન કરનારનેજ મુખ્ય ટેસ્ટ ટીમમાં સ્થાન મળવું જોઈએ.

### 6 ODI સિલેક્શન પ્રોટોકોલ

ઇન્ડિયા Aની વનડે ટીમ વિજય હઝારે ટ્રોફીને બદલે, દેવધાર ટ્રોફીના (માત્ર ત્રણ ટીમની સ્પર્ધા) આધારેજ સિલેક્ટ થવી જોઈએ અને A ટીમમાં થઇનેજ ખેલાડી મુખ્ય ટીમમાં લેવવો જોઈએ.





### 7 IPLમાં સુધારા

IPLમાંથી Impact Subનો નિયમ દૂર થવો જોઈએ જેથી ઓલરાઉન્ડર ડેવલપ થાય. IPLમાં પીચ બેલન્સ્ડ હોવી જોઈએ જેથી ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ કે સાઉથ આફ્રિકા જેવા દેશોમાં જ્યાં બોલરોને સાધારણ મદદ કરતી પીચ મળે તોયે બેટરોને તેની ઉપર પણ સ્કોર કરવાની આવડત કેળવાય.

### 9 T20i સિલેક્શન પ્રોટોકોલ

T20ની ઈન્ડિયા A ટીમ IPLના આધારે અને A ટીમના આધારે મુખ્ય ટીમ બનવી જોઈએ.





### 8 ટીમ ફર્સ્ટ

હાલના મેનેજમેન્ટ લાવેલી એક નીતિ જાળવી રાખવા જેવી છે કે જેમાં દરેક ટીમ મેમ્બર ટીમ હોટલમજ રહેવો જોઈએ અને ટીમ બસમાંજ ટ્રાવેલ કરવો જોઈએ. ટુર દરમ્યાન પરિવારોને બોલાવવાની વિન્ડો નક્કી હોય તેમાંજ તેઓ ટીમ સાથે જોડાઈ શકે.

### 10 સુકાનીની પસંદગી

અસલની જેમ બને ત્યાં સુધી ભવિષ્યના સુકાનીને પૂરતા સમય સુધી ઉપસુકાનીની જવાબદારી સોંપીને તૈયાર કરવો અને પછીજ તેને સુકાની પદ સોંપવું.



### 11 TRDWની વાપસી

દાલમિયાના સમયમાં રચાયેલી Talent Resource & Development Wing (TRDW) ભારતીય ક્રિકેટને જરૂર હોય તેવી ટેલેન્ટ આખા દેશમાંથી શોધતુ અને તેને BCCIના નેજા હેઠળ તૈયાર કરાવતું. ધોની, ઇરફાન પઠાણ, શ્રીસંત, આર. પ. સિંઘ જેવા ખેલાડી આનીજ દેન હતાં. હાલ ટેલેન્ટ શોધવા માટે BCCI ફક્ત IPL ફ્રેન્ચાઇસી ઉપરજ આધાર રાખે છે, એટલે ફક્ત T20ને લાયક ટેલેન્ટજ આવે છે. ભારતીય ટેસ્ટ ટીમને જો ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડરની જરૂર હોય તો તેને સાધવાનું બોર્ડ પાસે કોઈ સેટઅપ નથી. આપણાં જેવા મોટા દેશમાં બોર્ડ પાસે પોતાની ટેલેન્ટ વિંગ અનિવાર્ય છે.



### 13 કન્ડિશન્સની વેરાયટી



ભારતમાં અનેક મેદાનો ઉપર ઘરેલુ ક્રિકેટ રમાય છે. BCCIની પીચ કમિટીએ દરેક મેદાનને જેતે શહેરના વાતાવરણ અને માટીને ધ્યાનમાં રાખી તેની પીચ બનાવી તે મેદાનનું કેરેક્ટર ઉભું કરવું જોઈએ. દા.ત. ધર્મશાળામાં ઊંચાઈએ લીધે પાતળી હવા છે તો ત્યાંની પીચ ફાસ્ટ હોય, મુંબઈમાં લાલ માટી છે તો બાઉન્સી, જયપુર - ચેન્નાઇ - અમદાવાદમાં ગરમ વાતાવરણ છે, તો સ્પિન ફ્રેન્ડલી, સુરત જેવી ફળદ્રુપ કાળી માટી હોય ત્યાં સ્વીન્ગ થાય તેવી ઘાસ વળી. આ કરવાથી રણજી, મુશતાક અલી, વિજય હજારે કે IPL જેવી ટુર્નામેન્ટ જે જુદા જુદા મેદાનો પર રમાય છે તેમાં રમતા ખેલાડીઓને શરૂઆતથીજ વિવિધ કન્ડિશન્સ પ્રમાણે પોતાની ગેમ એડજસ્ટ કરવાની આવડત કેળવાય.

### 12 વર્કલોડ મેનેજમેન્ટ ગ્રેડ



રાષ્ટ્રીય ટીમના ખેલાડીઓ માટેના સેન્ટ્રલ કોન્ટ્રેક્ટમાં A+, A, B, C ગ્રેડ છે જેમાં ખેલાડીઓને તેમના મહત્વ પ્રમાણે વહેંચવામાં આવ્યા છે. તાજેતરમાં ફાસ્ટ બોલર્સ ગ્રેડ ઉમેરવામાં આવ્યો છે જેમાં ઉભરતા ફાસ્ટ બોલરોને સમાવવામાં આવ્યા છે. આ ઉપરાંત એક વર્કલોડ મેનેજમેન્ટ ગ્રેડ હોવો જોઈએ જેમાં હાર્દિક પંડ્યા અને બુમરાહ જેવી દુર્લભ છતાં ઇનજરી પ્રોન ટેલેન્ટને સમાવી શકાય. આ ગ્રેડમાં તેઓને રેગ્યુલર કોન્ટ્રેક્ટ અમાઉન્ટ ઉપરાંત IPLમાં નહીં રમવા માટેની એક લામ્પસમ કોમ્પેનસેશન રકમ પણ આપવામાં આવે. આ કોન્ટ્રેક્ટમાં સામેલ ખેલાડીઓને IPL દરમ્યાન આરામ આપાય જેથી જૂનમાં ઉઘડતી સિઝનથી ભારત વતી ફરી તરોતાજા થઈ રમી શકે. આ આરામના બે મહિના દરમ્યાન તેઓએ અમુક સમય NCAમાં ગળવાનો હોવો જોઈએ જયાં નાની મોટી ઇંજરી પર ધ્યાન આપી શકાય.

---

# યાનિક સિનર : માત્ર તાકાત નહીં પણ વિશ્વાસથી છલકાતો ચેમ્પિયન

કેટલાક ચેમ્પિયન એવા હોય છે જે વિરોધીઓને ક્રૂર બળથી હરાવે છે અને કેટલાક ચેમ્પિયન એવા હોય છે જે સંપૂર્ણ વિશ્વાસ દ્વારા ટકી રહે છે. યાનિક સિનરનો વિમ્બલડન તાજનો સફળ બચાવ મજબૂત રીતે તેવો જ હતો. છેલ્લા બે વર્ષના મોટા ભાગના સમય કરતો હતો, એવો સમય હતો જ્યારે તેની રમતમાં સામાન્ય તીક્ષ્ણતાનો અભાવ હતો અને એવા દિવસો હતા જ્યારે વિશ્વના નંબર 1 ખેલાડીને તેની વિનાશક બેઝલાઈન શક્તિને બદલે તેના સંકલ્પ પર આધાર રાખવો પડ્યો હતો. અને છતાં, જ્યારે રવિવારે સાંજે સેન્ટર કોર્ટ પર સિનર ફરી

> યાનિક સિનરે સાબિત કર્યું કે સાચા ચેમ્પિયન ફક્ત પ્રભુત્વ દ્વારા જ નહીં પરંતુ પ્રતિકૂળતામાંથી પસાર થવાની અને જીતવાનો માર્ગ શોધવાની તેમની ક્ષમતા દ્વારા પણ વ્યાખ્યાયિત થાય છે. રવિવારે, ઇટાલિયન ખેલાડીએ ફાઇનલમાં એલેક્ઝાન્ડર ઝ્વેરેવ પર કઠિન વિજય મેળવીને પોતાના વિમ્બલડન ટાઇટલનો બચાવ કરી એ સાબિત કર્યું છે.

દરમિયાન, આ ઈટાલિયન ખેલાડી સૌથી મોટા સ્ટેજ પર અસ્પૃશ્ય દેખાતો રહ્યો છે, તેણે અનિવાર્યતાના વાતાવરણ સાથે ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીત્યા છે. છતાં, 2026 વિમ્બલડન ટાઈટલ માટેનો તેનો પ્રવાસ કંઈ સરળ નહોતો. એવી ક્ષણો હતી જ્યારે તે આપત્તિનો સામનો એકવાર હાથમાં ટ્રોફી લઈને ઊભો રહ્યો. 24 વર્ષીય ખેલાડીએ ફાઈનલમાં એલેક્ઝાન્ડર ઝ્વેરેવને 6-7, 7-6, 6-3, 6-4થી હરાવીને વિમ્બલડન ટાઈટલ જાળવી રાખ્યું અને પોતાના કરિયરનો પાંચમો ગ્રાન્ડ સ્લેમ તાજ જીત્યો. આ વિજયે પુરુષોના ટેનિસના શિખર પર તેનું સ્થાન મજબૂત બનાવ્યું, અને એક નોંધપાત્ર ઉદયમાં વધુ એક પ્રકરણ ઉમેર્યું જેણે તેને ઓસ્ટ્રેલિયન ઓપન, યુએસ ઓપન અને હવે ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં સતત બે ચેમ્પિયનશિપમાં ખિતાબ અપાવ્યા છે. જોકે, પરિણામ વાર્તાનો માત્ર એક ભાગ જ કહે છે.

સિનર પોતાના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યો ન હતો. આ એક ચેમ્પિયન હતો જેણે જીતવાનો બીજો રસ્તો શોધ્યો. કારણ કે મહાનતા ફક્ત ખેલાડી કેટલી ઊંચાઈએ પહોંચી શકે છે તેના દ્વારા માપવામાં આવતી નથી જ્યારે બધું જ યોગ્ય જગ્યાએ પડે છે; તે તે ક્ષણોમાં પ્રગટ થાય છે જ્યારે સમય તેને છોડી દે છે, આત્મવિશ્વાસ ડગમગી જાય છે અને ભૂલનો ગાળો અદૃશ્ય થઈ જાય છે. વિમ્બલ્ડન 2026 સંપૂર્ણતા વિશે નહોતું. તે અસ્તિત્વ, સ્થિતિસ્થાપકતા અને રમત સંપૂર્ણપણે પાલન ન કરતી હોય તેવા દિવસોમાં પણ જીતવાની દુર્લભ ક્ષમતા વિશે હતું. તાજેતરના સિઝનમાં ગ્રાન્ડ સ્લેમ સફળતાને સામાન્ય બનાવનાર ખેલાડી માટે, સિનરના વિમ્બલડનની શરૂઆત નાટકીય રીતે થઈ. તેની સામે મિઓમીર કેકમાનોવિકે પ્રથમ રાઉન્ડમાં જ આઘાતજનક રીતે બહાર થવાની શક્યતા ઊભી કરી હતી. પહેલા ત્રણ સેટ પછી બે સેટ પાછળ રહેતા, સિનર તાજેતરના વિમ્બલડન ઈતિહાસમાં સૌથી મોટા અપસેટમાંના એકની આરે હતો. ત્યારે તેણે પોતાની લય ફરીથી શોધી કાઢીને જીત મેળવી.

તેનું મહત્વ ફક્ત એટલા માટે જ નહોતું કારણ કે તેનાથી તેનું અભિયાન જીવંત રહ્યું, પણ તે એટલે મહત્વનું હતું કે તેનાથી કંઈક અસામાન્ય જાહેર થયું હતું. સિનર અજેય નહોતો. અને કદાચ એ જ કારણે આ ખિતાબ આટલો આકર્ષક બન્યો. ચેમ્પિયન્સ ઘણીવાર તેમની પ્રતિભા માટે પ્રખ્યાત હોય છે, પરંતુ ખરેખર અસાધારણ ખેલાડીઓ જ્યારે પ્રતિભા તેમને છોડી દે છે ત્યારે ટકી રહે છે. વિમ્બલડન પ્રભુત્વનું પ્રદર્શન ઓછું અને ચારિત્ર્યની કસોટી વધુ બની ગયું.

બીજા રાઉન્ડમાં પણ, ઈટાલિયન ખેલાડીને નુનો બોર્જેસ સામે અસ્વસ્થતાભર્યા ક્ષેત્રમાં જવાની ફરજ પડી હતી, આગળ વધતા પહેલા બે ટાઈ-બ્રેકનો સામનો કરવો પડ્યો હતો. પખવાડિયા દરમિયાન, સિનરે સાત ટાઈ-બ્રેક રમ્યા. જે ખેલાડીની સૌથી મોટી જીત ઘણીવાર અવિરત કાર્યક્ષમતા પર આધારિત હોય છે, તેના માટે આ આંકડાઓ એક અલગ વાસ્તવિકતા દર્શાવે છે. વિમ્બલડન 2026 એ સમાન રીતે ધીરજ અને સ્થિતિસ્થાપકતાની માગ કરી હતી.

સાત મેચમાં સાત ટાઈ-બ્રેક એ એક વર્કલોડ છે જે સામાન્ય રીતે વિશ્વના નંબર 1 ખેલાડીઓ કરતાં અસ્તિત્વ માટે લડતા ખેલાડીઓ સાથે વધુ સંકળાયેલું છે. છતાં સિનર વારંવાર જવાબો શોધતો રહ્યો. કદાચ આ જ તેમના ઉત્ક્રાંતિનું સૌથી સ્પષ્ટ સૂચક છે. તેમની કારકિર્દીની શરૂઆતમાં, તંગ ક્ષણો ક્યારેક ભાવનાત્મક તિરાડોને ઉજાગર કરતી હતી. આજે, તે તેમની સૌથી મોટી શક્તિ દર્શાવે છે.




જ્યારે મેચ અવ્યવસ્થિત બને છે ત્યારે તે હવે ગભરાતો નથી. તે અરાજકતાને સ્વીકારે છે. સૌથી ભયાનક ચેમ્પિયન એ નથી હોતા જે ફક્ત ત્યારે જ જીતે છે જ્યારે તેઓ તેમના શ્રેષ્ઠ દેખાવ પર હોય છે. તેઓ એવા છે જે તેમની રમતમાં નિષ્ફળતા છતાં પણ ટ્રોફી એકત્રિત કરવાનું ચાલુ રાખે છે, કારણ કે તેમની પાસે એક અચળ વિશ્વાસ છે કે, કોઈક રીતે, તેઓ કોઈ રસ્તો શોધી કાઢશે.